અપીલ અરજી નં.૧૫૬/ ૦૮–૦૯ તા.૫–૯–૦૮

અરજદાર: શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

***હુકમ:–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૫–૭–૦૮ની અરજીથી તા.૧–૪–૮૬ થી શહેરી વિસ્તારમાં સમાવેશ થયા બાદ હાલના મઢીની ખમણીથી અંબામાતાના મંદિર હરિનગર–૧ સુધી કુલ કેટલા ઝૂંપડા ખાડી કિનારે હતા? પાકા અને કાચા ઝૂંપડા તેની લંબાઈ પહોળાઈ, કુલ ક્ષેત્રફળ વિગેરે મુદ્દા નં.૧ થી ૮ અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૫–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૬/૨૦૦૮–૦૯

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૫–૭–૦૮ની અરજીથી તા.૧–૪–૮૬ થી શહેરી વિસ્તારમાં સમાવેશ થયા બાદ હાલના મઢીની ખમણીથી અંબામાતાના મંદિર હરિનગર–૧ સુધી કુલ કેટલા ઝૂંપડા ખાડી કિનારે હતા? પાકા અને કાચા ઝૂંપડા તેની લંબાઈ પહોળાઈ, કુલ ક્ષેત્રફળ વિગેરે મુદ્દા નં.૧ થી ૮ અંગે માહિતી આપવા બાબતે માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૭ તા.૧૨–૯–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારનીતા.૧૫–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારને સયમ અવધિમાં નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે નિયમ અને જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી